**<u>વાપી જી.આઈ.ડી.સી. પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૦૦૪૯૨૬૦૭૦૬/૨૦૨૬ના કામે મુદામાલ TOYOTA KIRLOSKAR MOTOR PVT. LTD. FORTUNER,કે જેનો રજીસ્ટ્રેશન નં.MH-12-PC-9000, ચેસીસ નં.MBJA A3GS300522964-0317,એન્જીન નં.1GDA082083, મોડલ– TOYOTA KIRLOSKAR MOTOR PVT. LTD. FORTUNER છે જે પરત મેળવવાની અરજદાર–રાજુ દુર્યોધન કાલમેઘની અરજી નીચે હુકમ :</u>**

(૧) અરજી તથા એ.પી.પી.શ્રીનો શેરો તથા પોલીસનો અભિપ્રાય, પંચનામું, મુદ્દામાલ પાવતી વંચાણે લીધા. અરજદારના વિ.વકીલશ્રી તથા એ.પી.પી.એ અરજી ઉપર કરેલ શેરો ધ્યાને લીધો. હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત લેવા માટે અરજદારે આપેલ છે.

(૨) અરજદારની અરજીના સંદર્ભમાં "**સુંદરભાઈ આંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**"ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે કબજે કરેલ મુદ્દામાલ શકય હોય તેટલી ઝડપથી કેસની હકીકતો ધ્યાને લઈ નિકાલ કરવો જોઈએ. ત્યારે આ કામે અરજદારે રજુ કરેલ આર.સી. બુકની ઝેરોક્ષ નકલ ધ્યાને લેતા મુદ્દામાલ **<u>TOYOTA KIRLOSKAR MOTOR PVT. LTD. FORTUNER</u>** અરજદાર **<u>રાજુ દુર્યોધન કાલમેઘ</u>** ના નામે નોંધાયેલ હોવાનું ફલિત થાય છે તેમજ <u>સદરહુ મુદ્દામાલ અરજદાર પાસેથી કબજે થયેલ હોય,</u> સદરહુ મુદામાલ પંચનામાંની રૂએ કબજે કરવામાં આવેલ છે. તેમજ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડતર રીતે પડી રહે તો તેમા નુકશાન થાય તેમ છે તેમજ મુદ્દામાલ નાશ પામે તેવી સ્થિતિ છે અને તેને બગડી જવાની સંભાવના નકારી શકાય તેમ નથી. તદઉપરાંત અરજદાર કોર્ટ દ્વારા જે જે શરતો ફરમાવે તેનું પાલન કરવા ખુશી હોય જેથી યોગ્ય શરતોને આધીન મુદ્દામાલ અરજદારને વચગાળાની કસ્ટડીરૂપે સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોય. તેથી નીચે મુજબ હુકમ કરુ છું.

**<u>–:: હુ ક મ ::–</u>**

વાપી જી.આઈ.ડી.સી. પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૦૦૪૯૨૬૦૭૦૬/ ૨૦૨૬ કામમાં કબજે કરેલ મુદામાલ TOYOTA KIRLOSKAR MOTOR PVT. LTD. FORTUNER, કે જેનો રજીસ્ટ્રેશન નં.MH-12-PC-9000, ચેસીસ નં.MBJA A3GS300522964-0317,એન્જીન નં.1GDA082083, મોડલ–TOYOTA KIRLOSKAR MOTOR PVT. LTD. FORTUNER છે, જે હાલના **અરજદાર**–રાજુ દુર્યોધન કાલમેઘ, **રહે.:** ગ્રીનવેલી ફાર્મહાઉસ, ગામ.ધારણ, તા.સીનર, થાના.વાપી,જી.નાશિક મહારાષ્ટ્ર તથા **મુળ રહે.** ૧૧૮/૨, તેજોવલય ફ્લેટ નં.૨૦૧/ડી–૪, સિપ્લા ફાઉન્ડેશન પાસે, વારજે, પુણે સિટી, જી.પુણે, મહારાષ્ટ્રવાળાને મુદ્ધામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના બોન્ડ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડીરૂપે કબજો સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) સદરહુ મુદ્ધામાલ જયાં સુધી કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી કોઈપણ ઈસમને કોઈપણ રીતે વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવો નહિં કે કરાવવો નહિં.

(૨) જયારે અને જયાં કોર્ટ ફરમાવે ત્યારે સદરહુ મુદ્ધામાલ રજુ કરવાનો રહેશે.

(૩) મુદામાલનું કદ, રંગરૂપ કે પરિસ્થિતિમાં કોઈપણ પ્રકારે સીધી કે આડકતરી રીતે ફેરફાર કરવો કે કરાવવો નહિં.

(૪) સદરહુ મુદામાલ વાહન કોઈપણ ગુનામાં વાપરવી નહિં.

(૫) અરજદાર જામીન, જાત મૂચરકા વાપી ટાઉન પોલીસ સ્ટેશન સમક્ષ રજુ કરવાના રહેશે.

(૬) જામીનદારે પોતાની જે જામીનની મિલ્કત આ કામે રજુ કરેલ હોય તે મિલ્કત કેસ પુરો થતા સુધી ટ્રાન્સફર કરવી કે કરાવવી નહિં.

(૭) અરજદારે તથા જામીનદારે પોતાના રહેઠાણ અંગેના પુરાવા પોલીસ સ્ટેશનમાં રજુ કરવા.

હુકમ આજ તા.૧૧,માહે–જુન,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વાપી
તા. : ૧૧/૦૬/૨૦૨૬
(P.S.JBM)

**(આર.એ.નાગોરી)**
બીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
તાલુકો–વાપી, જિલ્લો–વલસાડ
(GJ00722)